||ૐ શ્રી સાઈરામ ||

|| ૐ શ્રી સાઈ ભક્તપ્રિયાય નમઃ || (૬૮)

## સર્વ ભક્તોને પ્રિય એવા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

સર્વ ભક્તોને ભગવાન પ્રિય હોય છે અને તેથી જ તે ભગવાનની ભક્તિ કરે છે. પરંતુ, ભક્ત કોને કહેવો? ભગવાને જેની ભક્તિ સ્વીકારી, તે ભક્ત બને છે. ભગવાન કહે છે – " યો મે ભક્તઃ સ મે પ્રિયઃ" અર્થાત્ જે મારો ભક્ત છે તે મને પ્રિય છે. એનો જ અર્થ જેવી રીતે ભક્તોને ભગવાન પ્રિય છે, તેવી જ રીતે ભગવાનને પણ ભક્ત પ્રિય છે.

ભગવાન બાબા જન્મથી જ બધાને પ્રિય છે. આ પૃથ્વી પર જન્મ લીધા પછી ઈશ્વરમ્મા, સુબમ્મા તેમજ લક્ષ્મમ્માએ પ્રથમ તેમનું દર્શન લીધું અને આ દિવ્ય બાળક તેમને પ્રિય થયું. બાળપણમાં તેમની મોટી બહેનનો તે લાડકો સત્યા હતો અને તે તેમની બધી જીદ પૂરી કરતી. થોડો મોટો થયા પછી દરવાજા પર આવનારા ગરીબોને અન્ન-વસ્ત્ર આપવાવાળો બાળ સત્યા તેમને પ્રિય થયો હતો. પુટ્ટપર્તિના પોતાના બાળમિત્રોને ભેગા કરીને પંઢરી ભજન મંડળની સ્થાપના કરીને સત્યનારાયણ કેવળ મિત્રોમાં જ નહીં, પણ ગામમાં અને આજુ બાજુના ગામમાં પણ લોકપ્રિય થયો હતો. સર્વ લોકો જાણે તેના ભક્ત જ હતા.

પરંતુ, આ પરમેશ્વરનું પૃથ્વી પર અવતરણ થયા પછી લૌકિક અર્થમાં જેને ભક્ત કહેવાય, એવા પહેલા ભક્ત એટલે સ્વામીના દાદાજી શ્રી. કોડમરાજુ. તેમણે સ્વામીનું દિવ્યત્વ પહેલેથી જ ઓળખ્યું હતું. બાળ સત્યાના આ ગુણોને લીધે તેઓ તેમને ચિન્નગુરુ ' " એટલે" નાના ગુરુ ' કહેવા લાગ્યા હતા. અન્ય મિત્રો પણ આગળ જતા તેમને ગુરુ માનવા લાગ્યા હતા. ગામના લોકો તેમને બ્રહ્મજ્ઞાની કહીને સંબોધવા લાગ્યા હતા.

અવતાર ધારણ કરતા પહેલાં જ સ્વામીનો મહિમા આજુબાજુના-ગામોમાં ફેલાયો હતી.. અવતાર ધારણ કર્યા પછી તેમની કીતિની સુગંધ સર્વત્ર ફેલાઈ હતી. દૂર દૂરથી લોકો તેમની ઇચ્છિત મનોકામના લઈને આવવા લાગ્યા અને પોતાના પ્રિય ભગવાનના ભક્ત બન્યા. ભક્તોને પ્રિય એવા સ્વામી, તેમની ઇચ્છિત મનોકામના કેવી રીતે પૂરી કરે છે, તે નીચેની ઘટના પરથી સ્પષ્ટ થશે.

સુબમ્માને સ્વામી અત્યંત પ્રિય હતા, પરંતુ જ્યારે તેમનું મૃત્યુ થયું, ત્યારે સ્વામી પુટ્ટપર્તિમાં નહોતા. બે દિવસ સુધી સુબમ્માનું શબ એમ જ રાખવામાં આવ્યું. જેના પરનું તેજ એવું જ હતું. જ્યારે

સ્વામી ત્યાં આવ્યા, ત્યારે તેમણે પોતાના મધુર સ્વરમાં તેમને સાદ પાડી-સુબમ્મા હું આવ્યો છું! ' અને સુબમ્માએ આંખો ખોલી. સ્વામીએ તેમનો હાથ હાથમાં લીધો. તેમણે આપેલી વિભૂતિ અને તીર્થ પ્રાશન કર્યા પછી જ સુબમ્માએ દેહ છોડયો.

(સો વરસ) શતાયુશી કોંડમરાજુની એવી ઈચ્છા હતી કે, તેમના મૃત્યુ સમયે તેમના લાડકા ભગવાને તેમની પાસે રહેવું. જ્યારે તેમનો અંત સમય સમીપ આવ્યો ત્યારે તેમણે ઈશ્વરમ્માને કહ્યું- “ મારો અંતકાળ સમીપ આવ્યો છે. " અને જ્યારે ઈશ્વરમ્મા તેમને તુલસીપત્ર નાખેલું પાણી પીવડાવવા લાગ્યા ત્યારે કોંડમરાજુએ તેમને રોક્યા અને તે જ સમયે સ્વામીનું આગમન થયું. દાદાજીની ઇચ્છા મુજબ જ્યારે સ્વામી પાણી પીવડાવવા લાગ્યા ત્યારે કોંડમ રાજુ બોલ્યા-“ સ્વામી, પ્રથમ આ પાણી તમે પીઓ અને પછી વધેલું પાણી મને પીવડાવો. ” સ્વામીએ પોતાના પ્રિય ભક્તની વિનંતી અનુસાર તેમ જ કર્યું અને સ્વામીએ આપેલું તીર્થ પ્રાશન કરીને તેમણે પોતાનું જીવનકાર્ય પૂરું કર્યું. ભક્તોને પ્રિય હોવાવાળા સ્વામી તેમના ભક્તોએ હ્રદયપૂર્વક કરેલી પ્રાર્થનાનો સ્વીકાર કરીને તેમનો ઉદ્ધાર કરે છે.

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||